સ્પેનમાં બે હાઈ-સ્પીડ ટ્રેનો વચ્ચે ભીષણ ટક્કર: 68નાં મોત

મેડ્રિડથી સેવિલે જઈ રહેલી ખાનગી કંપની ઈરિયોની ટ્રેન ઉભી હતી ત્યારે રેનફેની ટ્રેને પાછળથી ટક્કર મારી, 58 ઈજાગ્રસ્ત

ડબ્બાઓના ફુરચેફુરચા ઊડી ગયા, સેના અને રેસ્ક્યૂ ટીમો તૈનાત

સ્પેનના રાજા ફિલીપે છઠ્ઠાએ સીધા ઘટનાસ્થળની મુલાકાત લીધી

બાર્સેલના, તા. 28 (એપી): સ્પેનના ટોલેડો પ્રાંતમાં બુધવારે સવારે બે હાઈ-સ્પીડ ટ્રેનો વચ્ચે સર્જાયેલા ભયાનક અકસ્માતમાં ઓછામાં ઓછા 68 મુસાફરોનાં મોત થયાં છે અને 58 લોકો ઈજાગ્રસ્ત થયા છે.

મળતી વિગતો મુજબ, પાટનગર મેડ્રિડથી સેવિલે તરફ જઈ રહેલી ખાનગી રેલ કંપની 'ઈરિયો'ની હાઈ-સ્પીડ ટ્રેન કોઈ કારણોસર ટ્રેક પર ઊભી રહી ગઈ હતી. આ દરમિયાન પાછળથી આવી રહેલી સરકારી રેલ કંપની 'રેનફે'ની ટ્રેને તેને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કર એટલી ભીષણ હતી કે બંને ટ્રેનોના અનેક ડબ્બાઓ ટ્રેક પરથી નીચે ઊથલી પડ્યા હતા અને પતરાની જેમ ચૂરચૂર થઈ ગયા હતા. દુર્ઘટના સમયે બંને ટ્રેનોમાં કુલ 544 મુસાફરો સવાર હતા. ઘટના બાદ મેડ્રિડ અને એન્ડાલેસિયા વચ્ચેની તમામ ટ્રેન સેવાઓ સ્થગિત કરી દેવામાં આવી છે.

સરકારે પુષ્ટિ કરી છે કે આ અકસ્માતમાં મૃત્યુ પામનારાઓની સંખ્યા વધીને ઓછામાં ઓછી 68 થઈ ગઈ છે.

સ્પેનના પરિવહન મંત્રીએ જણાવ્યું હતું કે આ દુર્ઘટના સેન્ટ્રલ કમાન્ડ સેન્ટરના એક 'અસ્પષ્ટ' આદેશના કારણે સર્જાઈ હતી અને તેમાં ટ્રેન એન્જિનિયરોની કોઈ ભૂલ નહોતી.

સવારે 8:30 વાગ્યે કમ્પ્યુટર સિસ્ટમમાં ખરાબી સર્જાવાને કારણે 63 કિલોમીટરના વિસ્તારમાં સુરક્ષા સિસ્ટમ કામ કરતી અટકી ગઈ હતી, જેનાથી ત્યાં તમામ ટ્રેનો ઊભી રહી ગઈ હતી.

પ્રત્યક્ષદર્શી મુસાફરોના જણાવ્યા મુજબ ટક્કર એટલી ભયાનક હતી કે ડબ્બાઓમાં સવાર લોકો એકબીજા પર પટકાયા હતા અને ચારેય તરફ ચીસાચીસ મચી ગઈ હતી.

સ્પેનના રાજા અને રાણી તેમજ યુરોપિયન યુનિયનના વડાએ પણ આ કરૂણ હોનારત અંગે શોક વ્યક્ત કર્યો છે. સ્પેનના રાજા ફિલીપે છઠ્ઠાએ સીધા ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી અને પીડિત પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

બીજી બાજુ આ ગંભીર દુર્ઘટનાના કારણે સ્પેનની સોકર ફેડરેશને બુધવારે યોજાનારી કોપા ડેલ રેની તમામ 24 મેચો મોકૂફ રાખી છે.

ઉલ્લેખનીય છે કે, આ વર્ષના જાન્યુઆરી મહિનામાં પણ સ્પેનમાં થયેલી ટ્રેન દુર્ઘટનામાં 45 લોકોનાં મોત નીપજ્યાં હતાં.

સરપંચ બન્યા તો રૂ. 10 લાખની નોટોની 25 ફૂટ લાંબી માળા પહેરાવી

અલવર, તા. 28: રાજસ્થાનના અલવર જિલ્લાના મેવાત વિસ્તારમાં એક સરપંચનું સ્વાગત આજકાલ ચર્ચાનો વિષય બન્યું છે. પંચાયત ચૂંટણી જીત્યા પછી ગામના લોકોએ સરપંચનું સ્વાગત ફૂલો અથવા પરંપરાગત માળાથી નહીં, પરંતુ 500 રૂપિયાની નોટોથી બનેલી વિશાળ માળા પહેરાવીને કર્યું. માળા એટલી લાંબી હતી કે તેને સંભાળવા માટે એકસાથે ઘણા લોકોને ઊભા રહેવું પડ્યું. આ અનોખા સ્વાગતને જોવા માટે ગામમાં લોકોની ભીડ એકઠી થઈ ગઈ. સ્થળ પર હાજર લોકોએ વીડિયો અને તસવીરો બનાવી, જે હવે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે.

આ મામલો અલવર જિલ્લાની ગ્રામ પંચાયત ટીકરીનો છે. અહીં સરપંચ રસીદ અને સરપંચ પ્રતિનિધિ આજાન ખાન ચૂંટણી જીત્યા બાદ ગામના લોકોએ તેમના સ્વાગતની ખાસ તૈયારી કરી હતી. બંનેને બે અલગ-અલગ નોટોની માળાઓ પહેરાવવામાં આવી. આ માળાઓમાં 500 રૂપિયાની નોટો લગાવવામાં આવી હતી.

જણાવવામાં આવ્યું કે, બંને માળાઓમાં કુલ આશરે 10 લાખ રૂપિયાની નોટો લાગેલી હતી અને તેમની લંબાઈ લગભગ 25થી 30 ફૂટ હતી.

ઈઝરાયેલ ચૂંટણીમાં નેતન્યાહુ પાછળ, ત્રિશંકુ સંસદના એંધાણ

61ના બહુમતી આંકડા સામે નેતન્યાહુને 53 અને વિપક્ષને 48 બેઠકો મળતાં રાજકીય અનિશ્ચિતતા ઘેરી બની

ગેડી આઈઝેનકોટનું વિપક્ષી બ્લોક અને આરબ નેતૃત્વવાળા પક્ષો નિર્ણાયક ભૂમિકામાં

જેરુસલેમ, તા. 28 (પીટીઆઈ): ઈઝરાયેલમાં યોજાયેલી સંસદીય ચૂંટણીના તાજેતરના આંશિક પરિણામોમાં વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુનું રાજકીય બ્લોક બહુમતીના આંકડાથી પાછળ રહેતું દેખાઈ રહ્યું છે, જેના કારણે આગામી સરકારની રચના અંગે ભારે અનિશ્ચિતતા ઊભી થઈ છે. સેન્ટ્રલ ઈલેક્શન્સ કમિટી (CEC) દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ નેતન્યાહુના બ્લોકને ૫૩ બેઠકો મળી છે, જ્યારે પૂર્વ સૈન્ય પ્રમુખ ગેડી આઈઝેનકોટના નેતૃત્વ હેઠળના વિપક્ષી બ્લોકને ૪૮ બેઠકો મળી છે. આ ઉપરાંત, આરબ નેતૃત્વવાળા પક્ષો ૧૯ બેઠકો જીતે તેવી સંભાવના છે. ઈઝરાયેલની 120 સભ્યોની સંસદ 'નેસેટ'માં સરકાર બનાવવા માટે ઓછામાં ઓછી 61 બેઠકોની જરૂર પડે છે. વર્તમાન સ્થિતિ જોતાં નેતન્યાહુ કે વિપક્ષી બ્લોકમાંથી કોઈ પણ જાતે સ્પષ્ટ બહુમતી મેળવી શક્યા નથી, જેના કારણે આરબ પક્ષો નિર્ણાયક સ્થિતિમાં આવી ગયા છે. જોકે, આરબ પક્ષોને સરકારમાં સામેલ કરવા કે નહીં તે અંગે રાજકીય પક્ષોમાં મતભેદો પ્રવર્તી રહ્યા છે. નેતન્યાહુ અગાઉ આરબ પક્ષોના ટેકાવાળી સરકાર સામે ચેતવણી આપી ચૂક્યા છે. હજી સૈનિકો અને અન્ય મતદાતાઓના અંદાજે 6 લાખ ડબલ-એનવેલપ મત ગણવાના બાકી છે, જેથી અંતિમ ચિત્ર આગામી દિવસોમાં સ્પષ્ટ થશે. ઈઝરાયેલના રાષ્ટ્રપતિ આઈઝેક હર્ઝોગે તમામ રાજકીય પક્ષોને અપીલ કરી છે કે તેઓ દેશમાં વધુ એક ચૂંટણી યોજાતી અટકાવવા માટે ખુલ્લા મનથી પ્રયાસ કરે. સત્તાવાર પરિણામો આવતા અઠવાડિયે સુપ્રીમ કોર્ટના જજ દ્વારા સોંપવામાં આવશે, ત્યારબાદ રાષ્ટ્રપતિ સરકાર રચવા માટે પક્ષો સાથે પરામર્શ શરૂ કરશે.

યુએન મહાસભામાં અમેરિકા અને ક્યુબાના પ્રતિનિધિઓ વચ્ચે ભારે હંગામો

આ યુનાઇટેડ સ્ટેટ્સ છે, પાછળ ખસો!'યુએનમાં ભડક્યા

અમેરિકી રાજદૂત ક્યુબાના નેતાઓની 40,000 ડોલરની રોલેક્સ ઘડિયાળો પર સવાલ ઉઠાવતા જ પોડિયમ પાસે ઘમાસાણ મચ્યું

ન્યૂયોર્ક, તા. 28: સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં મંગળવારે ક્યુબા વિરુદ્ધના આર્થિક અને વેપાર પ્રતિબંધોના પ્રસ્તાવ પર મતદાન અગાઉ અમેરિકા અને ક્યુબાના પ્રતિનિધિઓ વચ્ચે ભારે હંગામો અને તીખી બોલાચાલી થઈ હતી. આ બેઠક દરમિયાન અમેરિકી રાજદૂત માઈક વોલ્ટ્ઝે ક્યુબા સરકાર પર ગંભીર ભ્રષ્ટાચાર અને નેતાઓની આલીશાન જીવનશૈલીના આક્ષેપો કર્યા હતા. પોતાના સંબોધન વખતે વોલ્ટ્ઝે ક્યુબાના પૂર્વ નેતા ફિદેલ કાસ્ટ્રો અને વર્તમાન રાષ્ટ્રપતિ મિગુએલ ડિયાઝ-કાનેલની તસવીરો બતાવી હતી, જેમાં તેઓ અંદાજે 40 હજાર ડલર કિંમતની રોલેક્સ ઘડિયાળો પહેરેલા નજરે પડ્યા હતા. વોલ્ટ્ઝે દાવો કર્યો હતો કે આ ઘડિયાળોની કિંમત ક્યુબાના સામાન્ય નાગરિકની વર્ષોની કમાણી જેટલી છે.

વિવાદ ત્યારે ચરમસીમાએ પહોંચ્યો જ્યારે ક્યુબાના વિદેશ મંત્રી બ્રુનો રોડ્રિગ્ઝ પારિલા નિયમોનો હવાલો આપીને અચાનક પોડિયમની નજીક આવી પહોંચ્યા અને અમેરિકી રાજદૂત પર જૂઠાણા ફેલાવવાનો આક્ષેપ કર્યો. પરિસ્થિતિ વણસતા અમેરિકી રાજદૂત માઈક વોલ્ટ્ઝે કડક શબ્દોમાં ક્યુબાના મંત્રીને સંબોધતા કહ્યું, 'પાછળ ખસો! તમે શું સમજો છો કે તમે કોની સાથે વાત કરો છો? આ યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા છે, પાછળ ખસો!' આ તીખા વિવાદ અને અરાજકતાને કારણે યુએન મહાસભાની કાર્યવાહી અસ્થાયી રૂપે સ્થગિત કરવી પડી હતી.

મીડિયા રિપોર્ટ્સ મુજબ આ વિવાદ બાદ ક્યુબાના પ્રતિનિધિઓ દ્વારા અમેરિકી રાજદૂતના પ્રવક્તા સાથે હાથાપાઈ અને કેમેરા છીનવી લેવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો.

બીજી તરફ, ક્યુબાના વિદેશ મંત્રીએ અમેરિકા પર અન્ય દેશો પર દબાણ લાવવાનો અને લાદવામાં આવેલા નવા ઈંધણ તથા આર્થિક પ્રતિબંધોથી ક્યુબામાં ગંભીર માનવીય સંકટ પેદા કરવાનો આક્ષેપ કર્યો હતો.

ભારતીય કેપ્ટન સ્મિત મચ્છરનું UAE દ્વારા સન્માન

સ્મિત મચ્છરને 'ફર્સ્ટ ક્લાસ ઓર્ડર ઓફ જાયદ II' એનાયત કરાયો; દુબઈના ક્રાઉન પ્રિન્સના હસ્તે સન્માન

દુબઈ, તા. 28 (પીટીઆઈ): દુબઈથી તેલ અવીવ જઈ રહેલી 'ફ્લાયદુબઈ' ફ્લાઇટમાં મધ્ય-આકાશમાં થયેલા હુમલા દરમિયાન સાહસ દાખવીને મુસાફરોનો જીવ બચાવવા બદલ ભારતીય કેપ્ટન સ્મિત મચ્છર અને ક્રૂ સભ્યોને સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)ના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન દ્વારા 'ફર્સ્ટ ક્લાસ ઓર્ડર ઓફ જાયદ-II' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે.

દુબઈ મીડિયા ઓફિસના જણાવ્યા અનુસાર, દુબઈના ક્રાઉન પ્રિન્સ, નાયબ વડા પ્રધાન અને સંરક્ષણ મંત્રી શેખ હમદાન બિન મોહમ્મદ બિન રાશિદ અલ મક્તુમે તમામ ક્રૂ સભ્યોની બહાદુરી અને જવાબદારીની પ્રશંસા કરીને તેમને મેડલ એનાયત કર્યા હતા.

સ્મિત અને ફ્લાયદુબઈના ક્રૂ સભ્યોને રાષ્ટ્રપતિ દ્વારા આયોજિત સમારંભમાં આ પુરસ્કાર એનાયત કરાયા હતા.

આ ઘટના 30 સપ્ટેમ્બરના રોજ બની હતી, જ્યારે 170 થી વધુ મુસાફરો સાથે દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈ ફ્લાઇટ FZ1073માં ઓમાની મૂળના કો-પાયલોટે ઇમરજન્સી કુહાડીથી કેપ્ટન સ્મિત મચ્છર પર જીવલેણ હુમલો કર્યો હતો. હુમલા

વિધાન પરિષદ ચૂંટણીમાં NDAનો દબદબો, કોંગ્રેસ શૂન્ય

4 રાજ્યોની 28 MLC બેઠકોમાંથી NDAને 16 બેઠકો મળી, બેલેટ પેપરથી થયેલા મતદાનમાં કોંગ્રેસના સુપડા સાફ થતાં વડા પ્રધાન મોદીના આકરા પ્રહાર

ઉત્તર પ્રદેશમાં સપાએ વારાણસી સહિત 5 બેઠકો જીતી

લખનઉ-બેંગ્લુરૂ, તા. 28 (પીટીઆઈ): દેશના ચાર મોટા રાજ્યો ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, બિહાર અને કર્ણાટકની મળીને કુલ 28 વિધાન પરિષદ (એમએલસી) બેઠકો પર યોજાયેલી ચૂંટણીમાં ભાજપ અને તેના એનડીએ (એનડીએ) સહયોગીઓએ 16 બેઠકો પર ભવ્ય વિજય મેળવ્યો છે. બીજી તરફ, મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસ એક પણ બેઠક જીતી શકી નથી અને તેનું ખાતું પણ ખુલ્યું ન હતું. ઉત્તર પ્રદેશમાં સમાજવાદી પાર્ટીએ (સપા) વારાણસીની બે બેઠકો સહિત કુલ 5 બેઠકો પર કબજો જમાવ્યો છે. ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનના બદલે બેલેટ પેપરથી યોજાયેલી આ ચૂંટણીમાં કોંગ્રેસના પરાજય બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર આકરા પ્રહારો કર્યા હતા. વડા પ્રધાને કહ્યું હતું કે વિપક્ષ જે બેલેટ પેપરની સતત માગ કરતો હતો, તેમાં જ જનતાએ કોંગ્રેસને નકારી કાઢી છે. કર્ણાટકમાં શાસક કોંગ્રેસ પક્ષને ભારે આંચકો લાગ્યો છે, જ્યાં ભાજપે ત્રણ અને જનતા દળ સેક્યુલરે (જેડીએસ) એક બેઠક જીતીને કોંગ્રેસને કોઈ બેઠક જીતવા દીધી ન હતી. મહારાષ્ટ્રમાં શાસક મહાયુતિ ગઠબંધને બે અને એનસીપી (શરદ પવાર) જૂથે બે બેઠકો પર જીત મેળવી છે. બિહારમાં ભાજપે ત્રણ, જેડીયુ અને આરજેડીએ એક-એક બેઠક જીતી છે, જ્યારે પ્રશાંત કિશોરની 'જન સુરાજ પાર્ટી'એ દરભંગા શિક્ષક બેઠક જીતીને પોતાનું ખાતું ખોલ્યું છે. ઉત્તર પ્રદેશમાં સપા અને ભાજપ વચ્ચે ટક્કર જોવા મળી હતી, જ્યાં આગામી વિધાનસભા ચૂંટણી પહેલાં આ પરિણામોને પ્રતિષ્ઠાનો જંગ માનવામાં આવી રહ્યો છે.

ઈંધણનો ભાવ વધતાં લક્ઝરી ક્રૂઝ થંભી, મુસાફરો રઝળ્યા

બે વર્ષ પહેલાં વૈશ્વિક સફર પર નીકળેલા ક્રૂઝનો ઈરાન યુદ્ધના કારણે ઈંધણનો માસિક ખર્ચ વધતા મુસાફરોને અધવચ્ચે જ ઉતાર્યા

3 વર્ષની વૈશ્વિક સફરે નીકળેલું 'ઓડિસી' શિપ કમ્બોડિયામાં ઠપ્પ, સર્વસ્વ વેચીને નીકળેલા 203 મુસાફરો અટવાયા

કાયમી ઉપયોગમાં લઈ શકાય તેવા સ્યુટની કિંમત આશરે 2,30,000 ડોલરથી શરૂ થતી હતી

ફ્નોમ પેન્હ (કમ્બોડિયા), તા. 28 (એપી): વિશ્વભરમાં ત્રણ વર્ષની વૈશ્વિક સફર માટે બે વર્ષ પહેલાં ઉપડેલા અમેરિકી લક્ઝરી ક્રૂઝ શિપ 'ઓડિસી'એ ઈંધણના વધતા ખર્ચના કારણે કમ્બોડિયાના સિહાનૌકવિલે બંદરે પોતાની તમામ સેવાઓ અચાનક સ્થગિત કરી દીધી હતી. આ નિર્ણયના કારણે ક્રૂઝ પર રહેતા આશરે 203 મુસાફરો બેઘર બની ગયા છે અને અજાણ્યા દેશમાં અટવાઈ પડ્યા છે.

ફ્લોરિડા આધારિત 'વિલા વી રેસિડેન્સિસ' કંપનીએ ખુલાસો કર્યો હતો કે ઈરાન યુદ્ધના કારણે એશિયાના વિસ્તારોમાં પ્રતિ કેબિન ઈંધણનો માસિક ખર્ચ 1,800 ડોલરથી વધીને 6,000થી 8,000 ડોલર સુધી પહોંચી ગયો છે, જેનાથી કંપની ભારે નાણાકીય સંકટમાં મુકાઈ ગઈ છે. ઓક્ટોબર 2024માં સફર શરૂ કરનાર આ શિપ પર સવાર મુસાફરોને કમ્બોડિયાના બંદરેથી માત્ર સાત કલાકની નોટિસ આપીને તમામ સામાન સાથે શિપ ખાલી કરી દેવા આદેશ અપાયો હતો. ઓપરેટર દ્વારા આ શિપની કેબિનને 'કાયમી ઘર' તરીકે વેચવામાં આવી હતી, જેમાં જહાજના આયુષ્ય સુધી ઉપયોગમાં લઈ શકાય તેવા સ્યુટ (Suite)ની ખરીદી કિંમત આશરે 230,000 ડોલરથી શરૂ થતી હતી. મુસાફરોનો આક્ષેપ છે કે કંપનીએ કમ્બોડિયાના શહેરમાં બસ દ્વારા ઉતારી દીધા બાદ હોટેલ કે રહેવાની કોઈ વ્યવસ્થા કરી આપી નથી.

દિલ્હી રેલીમાં 'ઈન્ડિયા' ગઠબંધનને CJPનું સમર્થન

નવી દિલ્હી, તા. 28: કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)એ ઈન્ડિયા ગઠબંધનની દિલ્હીના રામલીલા મેદાનમાં આયોજિત રેલીને પોતાનું સમર્થન આપી દીધું છે. રાહુલ ગાંધી અને કોંગ્રેસની આગેવાનીમાં દિલ્હીના રામલીલા મેદાનમાં એક નવેમ્બરે રેલી થવા જઈ રહી છે. આ અંગે અભિજિત દીપકેએ પોસ્ટ કરીને સમર્થન આપ્યું છે. દિલ્હીના રામલીલા મેદાનમાં 1 નવેમ્બરે ઈન્ડિયા ગઠબંધને 'વોટ બચાવો-દેશ બચાવો' રેલીમાં લોકોને સામેલ થવા અપીલ કરી છે. હવે અભિજિત દીપકેએ પત્ર જાહેર કરીને પોતાનું સમર્થન આપ્યું છે. એસઆઈઆર દ્વારા આ જ સિદ્ધાંતને નબળો પાડીને જ્ઞાનેશ કુમારે નિષ્પક્ષ ચૂંટણીની દેખરેખ માટે જરૂરી વિશ્વાસ ગુમાવી દીધો છે. આવી સ્થિતિમાં ચૂંટણી પંચની વિશ્વસનીયતા અને સ્વતંત્રતા પાછી લાવવા માટે એમનું રાજીનામું જરૂરી છે." દીપકેએ આગળ કહ્યું, "જ્યારે બી.આર. આંબેડકરે બંધારણ બનાવવામાં મદદ કરી ત્યારે તેમણે એ સુનિશ્ચિત કર્યું કે દરેક યુવા નાગરિકને પછી ભલે તેની જાતિ, ધર્મ, લિંગ, શૈક્ષણિક કે આર્થિક પૃષ્ઠભૂમિ ગમે તે હોય, વોટ આપવાનો સમાન અધિકાર હશે. તેઓ સમજતા હતા કે લોકશાહી ત્યારે જ સફળ થઈ શકે જ્યારે દેશનું ભવિષ્ય નક્કી કરવામાં દરેક નાગરિકની સમાન ભાગીદારી હોય."